





જાતે પોઢીને સરકારની ઉંઘ બગાડી ગઇ!
ખૂદ હોલવાઇ, પણ ચિનગારી લગાડી ગઇ!
વગાડી ગઇ મૃત્યુ ઘંટ નરાધન રાક્ષસોનો -
સુષુપ્ત જડ સમાજની ચેતના જગાડી ગઇ!

નવા વર્ષની
હાર્દિક શુભેચ્છાઓ!
રહો (સુ) રક્ષિત..

કાયદો કેદ,
કોર્ટો કઠપૂતળી -
ન્યાય નરમ..
(પછી ગાંઠે કોણ?)




## ચિંતન

**સુજનો ન યાતિ વૈરં પરહિત નિરતો વિનાશકાલે અપિ ।**
**છેદેપિ ચંદન તરૂઃ સુરભયતિ મુખં કુઠારસ્ય ॥**

'સજ્જન હૃદયમાં હંમેશા બીજાના માટે, અજાણ્યા માટે પણ હિત સમાયેલું હોય છે એટલે કે સજ્જન પોતાનો સદ્‌ભાવ જ રાખે છે પરિચિત હોય કે અપરિચિત પોતાનું બુરૂ થાય. વિનાશ થાય તો પણ પોતાનો ભલો-પરોપકારી સ્વભાવનો ત્યાગ કરતો નથી. આ વાતના સંદર્ભમાં કવિ દૃષ્ટાંત આપે છે કે ચંદન વૃક્ષ પોતાનો શાંત-શીતળ-સજ્જન સ્વભાવની સુગંધ-વિનાશ થાય તો પણ છોડતું નથી. જયારે કુહાડી તેને કાપી નાખવા માટે પ્રવૃત્ત હોય છતાં ચંદન તેના પર ગુસ્સો કર્યા વિના-તેને-તેની ધારને તો સુગંધિત જ બનાવે છે.'

સજ્જન-સદ્‌ગુણી-સારા માણસનો સ્વભાવ એવો દયાદ્ર અને લાગણીશીલ હોય છે એનાથી કોઇનું દુઃખ-મુશ્કેલી-આપત્તિ જોઇ શકાતી નથી અને એને કેમ ઉપયોગી-મદદરૂપ થઇ શકાય એનો જ વિચાર કરે છે. પરિચય કે સંબંધ ન હોય તો પણ 'માનવતા' ના સંબંધે પણ તેનું હિત ઇચ્છે. આવા સજ્જન લોકો એટલી હદે ભલા હોય છે કે બીજાને મદદ રૂપ થવામાં પોતાને નૂકશાન થાય તે સહન કરીને પણ-પોતાનો ભલો સ્વભાવ છોડતા નથી.

અહીં ભલું ચંદનવૃક્ષ સૌને સુગંધ અને શીતળતા આપે છે અરે એને કાપતી કુહાડીને પણ સુગંધ તો આપે જ છે.

## સુવિચાર

- જો નાવમાં બેસીને સામે પાર જવા માગતા હોય તો આ કાંઠા સાથે ના તમામ બંધન-લંગર છોડી નાખવાં પડે **- ઓશો રજનીશજી**
- એક ખરાબ કામમાં સફળ થવા કરતાં સારૂં કામ કરવામાં મળેલી નિષ્ફળતા વધારે મૂલ્યવાન અને ગૌરવશાળી છે **- ઓશો રજનીશજી**
- જયારે માણસ શ્રધ્ધાનું બળ લઇને તેના સહારે જીવવા જીતવા માંડે છે ત્યારે, પછી એને બહારની કોઇ જ સહાયતા જરૂર રહેતી નથી **- ઓશો રજનીશજી**
- જે મન વર્તમાનમાં જ જીવે છે તે સદાય યુવાન છે **- ઓશો રજનીશજી**
- અસ્વીકાર, અસમંતિ કે બળવો એ ક્રાંતિ નથી એ માત્ર માનસિક ભૂમિકાની પ્રક્રિયા છે **- ઓશો રજનીશજી**
- આકૃતિથી તો આપણે 'માનવ' બની ચૂક્યા છીએ પરંતુ પ્રકૃતિથી અને જીવનના આશયથી 'માનવ' બનવાનું બાક છે **- ઓશો રજનીશજી**
- જીવન તો સમજવામાં, શીખવામાં અને આનંદમાં જીવવામાં જ છે- **ઓશો રજનીશજી**

## બોધ કથા

અધ્યાત્મના પથ પર આગળ વધવું હોય તો ગુરૂ અને માર્ગદર્શન ખૂબ જ જરૂરી છે. ગુરૂભક્તિમાં સો ટકા સમર્પણ અને આજ્ઞાંકિતપણું હોય તો જ ગુરૂકૃપા મળે.

રામકૃષ્ણ પરમહંસ નરેન્દ્રના કેટલાક કોલેજીયન મિત્રો સાથે 'ગુરૂનું મહત્ત્વ' બાબત ચર્ચા કરતા હતા. એક કોલેજીયને કહ્યું, એવું તે કંઇ હોતું હશે! ગુરૂ વિના જ્ઞાન પ્રાપ્તિ કેમ ન થાય?

પરમહંસ કહે, સ્વ પ્રયત્ને પહોંચાય તો ખરૂં પણ જે સ્થળ જવામાં પાંચ-છ વર્ષ ખર્ચાય એ જ સ્થળે ગુરૂના માર્ગદર્શનથી પાંચ મિનિટમાં પહોંચી જવાય! ગુરૂ કૃપા તમને આંગળી પકડી દોરી જાય!

કોલેજીયન કહે, મને તો એ માનવામાં નથી આવતું?

ગંગા કાંઠે બેઠેલા રામકૃષ્ણએ કહ્યું, જૂઓ પેલી હોડીમાં બેસીને કલકત્તા જવું હોય તો અહીંથી કેટલા કલાક થાય?

કોલેજીયન કહે, પાંચેક કલાક તો ઓછામાં ઓછા..

રામકૃષ્ણએ તરત બાજુમાંથી પસાર થતી સ્ટીમર બતાવીને કહ્યું અને નાવડીને આ સ્ટીમર સાથે બાંધી દીધી હોય તો કેટલા સમયમાં પહોંચે?

અર્ધો-પોણો કલાક જ થાય. શિષ્યએ સંકોચ સાથે કહ્યું. પરમહંસે પૂછ્યું, તારા જવાબથી જ તારા પ્રશ્નનું સમાધાન થયું?

વિદ્યાર્થી પરમહંસના ચરણોમાં ઢળી પડયો!

# નવી મનોવૃત્તિ ધારણ કરી તમે પોતે પલટાઈ જાઓ; તો જ તમે ઈશ્વરની ઈચ્છાને ઓળખી શકશો, અને શું કલ્યાણ કરે છે, શું ઈશ્વરને ગમે એવું અને સર્વાંગસંપૂર્ણ છે, તે જાણી શકશો

## નવું વર્ષ, નવી મનોવૃત્તિ

**- ફાધર વર્ગીસ પોલ, એસ.જે.**

સાંપ્રત સમયના સંદર્ભમાં નવા વર્ષે ખુદ મારા માટે અને મારા વાચકમિત્રો માટે હું શો સંદેશ આપું? ભારત વિકાસ તરફ ઝડપી આગેકૂચ કરે છે. ભારતમાં કરોડપતિઓ અને અબજોપતિઓની સંખ્યા નોંધપાત્ર છે. છતાં આજની નરી વાસ્તવિકતા એ પણ છે કે ભારતની વસતિના ૪૦ ટકા લોકો ભૂખ્યા કે અર્ધભૂખ્યા રહે છે! દેશની મોટા ભાગની વસતિ માટે પીવાનું સ્વચ્છ પાણી ઉપલબ્ધ નથી! અમદાવાદ, કોલકાતા, મુંબઈ અને નવી દિલ્હી જેવાં શહેરોમાં જાહેર માર્ગ પર રાત ગાળનારની સંખ્યા વધતી રહે છે! દુનિયાના કોઈ પણ દેશ કરતાં મકાન, કપડાં, અને રોટી જેવી મૂળભૂત જરૂરિયાતોથી વંચિત થઈને ગરીબી રેખા નીચે જીવનાર સૌથી વધારે લોકો ભારતમાં છે!

આ પરિસ્થિતિ માટે યોગ્ય માનસિકતાનો અભાવ જ જવાબદાર છે, એમ હું માનું છું. જ્યાં યોગ્ય મનોવૃત્તિનો અભાવ હોય ત્યાં સ્વાર્થવૃત્તિનું પ્રભુત્વ હોય છે. આપણામાં સ્વાર્થવૃત્તિનું રાજ ચાલે છે. આ સંદર્ભમાં મને બાઈબલનું એક વાક્ય યાદ આવે છે. ઈસુના જીવન અને સંદેશને સમજવામાં અને એના પ્રચાર-ફેલાવ કરવામાં મોખરે રહેનાર સંત પાઉલનું એ વાક્ય છે. રોમના ધર્મસંઘ પરના પત્રમાં સંત પાઉલ લખે છે :

''નવી મનોવૃત્તિ ધારણ કરી તમે પોતે પલટાઈ જાઓ; તો જ તમે ઈશ્વરની ઈચ્છાને ઓળખી શકશો, અને શું કલ્યાણ કરે છે, શું ઈશ્વરને ગમે એવું અને સર્વાંગસંપૂર્ણ છે, તે જાણી શકશો.''

આ નવા વર્ષે આપણે નવું વલણ અપનાવીએ. નવી મનોવૃત્તિ ધારણ કરવાના માર્ગો શોધીએ અને નવી મનોવૃત્તિ આત્મસાત્ કરીએ. મનોવૃત્તિ શબ્દ મન અને વૃત્તિના સમાસમાંથી આપણને મળે છે. સાર્થ જોડણીકોશ મુજબ મન એટલે સંકલ્પવિકલ્પ વગેરે કરનારી ઈન્દ્રિય અને વૃત્તિ એટલે ચિત્તમાં ઊઠતો વિચાર, મનનું વલણ, વગેરે. મનોવૃત્તિ એટલે મનની વૃત્તિ. આપણે નવી મનોવૃત્તિની વાત કરીએ ત્યારે આપણે આપણા મનમાં ઊઠતાં વિચારો અને વલણોને તપાસીને કે આત્મનિરીક્ષણ કરીને એને યોગ્ય દિશામાં વાળવાની અને કેળવવાની કોશિષ કરીએ છીએ. આપણા વિચારો અને વલણને કેળવવાની વાત થાય ત્યારે મને બૌદ્ધધર્મના વડા દલાઈ લામાના શબ્દો યાદ આવે. અગાઉ મારા એક પુસ્તક ''હેતુલક્ષી જીવન''માં આપેલા દલાઈ લામાના અવતરણની પુનરુક્તિનો દોષ વહોરીને પણ અહીં ઉતારું છું. કારણ, નવી મનોવૃત્તિ અપનાવવા માટે, આત્મસાત્ કરવા માટે, પૂજ્ય દલાઈ લામાની શિખામણ મને સર્વદા યોગ્ય લાગે છે:

**"તમારા વિચારો ઉપર ધ્યાન આપશો,**
**કારણ, તે તમારા શબ્દો બનશે.**
**તમારા શબ્દો ઉપર ધ્યાન આપશો,**
**કારણ, તે તમારાં ક્રિયાકર્મો બનશે.**
**તમારાં ક્રિયાકર્મો ઉપર ધ્યાન આપશો,**
**કારણ, તે તમારી આદત બનશે.**
**તમારી આદત ઉપર ધ્યાન આપશો,**
**કારણ, તે તમારો સ્વભાવ બનશે.**
**તમારા સ્વભાવ ઉપર ધ્યાન આપશો,**
**કારણ, તે તમારા પ્રારબ્ધને ઘડશે.**
**અને તમારું પ્રારબ્ધ તમારું જીવન બનશે."**

આદરણીય દલાઈ લામાના પ્રેરણાત્મક શબ્દોના સંદર્ભમાં આપણે વધુ સારી રીતે નવી મનોવૃત્તિ ધારણ કરવાના માર્ગો શોધી શકીએ. એ માટેનું પ્રથમ પગલું માનવજીવનની કદર છે. દરેક માણસ માટે પોતાનું જીવન તથા બીજાં બધાં માણસોનું જીવન ઈશ્વરનું સર્વશ્રેષ્ઠ દાન છે. બાઈબલની દૃષ્ટિએ ઈશ્વરે માણસને પોતાની પ્રતિમૂર્તિરૂપે સર્જ્યો છે. પણ આપણા આચારવિચાર તપાસીએ તો જણાશે કે, આપણે માનવજીવનની કોઈ કદર કરતા નથી. આપણા મનમાં માનવજીવની કોઈ કિંમત નથી. આપણા આચારવિચાર ફલિત કરે છે કે માનવજીવનો ગમે તે રીતે નાશ કરી શકાય. ભ્રૂણહત્યા કરવામાં આપણે અચકાતા નથી. માર્ગ પરના અકસ્માત કે અન્ય દુર્ઘટનામાં મરી જતા માનવજીવોની આપણે પરવા કરતા નથી.

આ સંદર્ભમાં મને તાજેતરનો એક બનાવ યાદ આવે છે. કેરલમાંથી ન્યૂઝીલૅન્ડ જઈને ત્યાં સ્થાયી થયેલો મારો ભત્રીજો સહકુટુંબ મને મળવા આવ્યો. અમે સુખદુઃખની વાતો કરતાં હતાં ત્યારે તેમણે મને સૌ પ્રથમ ન્યૂઝીલૅન્ડના ખનિજની ખાણમાં ધડાકાથી ત્યાંના ૨૯ નાગરિકો મરી ગયાના સમાચાર આપ્યા. એ દુઃખદ સમાચારથી ન્યૂઝીલૅન્ડના કામદાર, માલિક, ધનિક કે ગરીબ એવા કોઈ ભેદભાવ વિના સૌ લોકો વચ્ચે ગ્લાનિ પ્રસરી હતી અને રાષ્ટ્રીય કક્ષાએ આખા દેશમાં નાગરિકો તથા ત્યાં રહેનાર પરદેશીઓએ પણ બે મિનિટ મૌન પાળીને સૌ મૃતજનોને અંજલિ આપી હતી. ટેલિવિઝન, રેડિયો અને અખબારોમાં ઘણા દિવસો સુધી મુખ્ય સમાચાર ૨૯ ખાણિયાઓનું મૃત્યુ જ હતા.

ન્યૂઝીલૅન્ડના લોકોને મન માનવજીવન બહુ કીમતી છે એ આ સામુદાયિક શોકથી સ્પષ્ટ થાય છે. તેઓ માનવજીવનની કદર કરે છે. આપણા ભારતમાં આતંકવાદીઓના બોમ્બ વિસ્ફોટથી કે રેલવે અકસ્માતથી કે રસ્તાની દુર્ઘટનાથી વર્ષે દહાડે સેંકડો અને હજારો ગરીબો અને કામદારો મરી જાય છે. પણ રાજકીય કે સામાજિક કક્ષાએ દુઃખ કે વ્યથા ક્યાંય કોઈએ પ્રગટ કરી હોય એવું અખબારો કે માધ્યમોમાં જોવા મળતું નથી! ભારતથી વધારે વસતિ ધરાવતા ચીનમાં મૃત્યુ પામતા હોય તેના કરતાં પણ વધારે લોકો આપણે ત્યાં વાહન અકસ્માતોમાં મૃત્યુ પામે છે! રોજેરોજ ભારતમાં હજારો અને લાખો ગરીબ માણસો અકાળે વિવિધ અકસ્માતોમાં મરી જાય છે! પણ આપણે ત્યાં માનવજીવનનું કોઈ મૂલ્ય નથી. એટલે માનવજીવનને સાચવવાને બદલે આત્મહત્યા, ભ્રૂણહત્યા, સોપારી-હત્યા, વગેરે આયોજનબદ્ધ પગલાંઓથી હત્યારી, હલકટ મનોવૃત્તિના લોકો જીવનને ધિક્કારે છે. આ પરિસ્થિતિમાંથી આપણે બહાર આવવાની તાતી જરૂર છે.નવી મનોવૃત્તિ ધારણ કરવાની જરૂર છે.

માણસ માત્રને ઈશ્વરે પ્રેમ અને ભલમનસાઈથી આપેલું મહામૂલું દાન કે ભેટ છે માનવ જીવન. આટલું સમજ્યા પછી માનવજીવનની કદર કરવાનું બીજું પગલું માનવ જીવનને ક્ષણિક સમજવામાં છે. દરેક માણસ પોતાને માટે ઘણી આશા-અભિલાષાઓ સેવે છે. અણધારી દુર્ઘટના કે ઓચિંતું મૃત્યુ માણસનાં બધાં સ્વપ્નો તથા આશાઓને ભાંગી નાખી શકે છે. નવી દિલ્હીમાં ૧૯૯૬ નવેમ્બર ૧૨મીએ સાઉદી અરેબિયાના જમ્બો જેટ અને કઝાકીસ્તાનના એ. એલ. ૭૬ વિમાન અથડાયાં હતાં. તે અકસ્માતમાં ૩૦૦થી વધારે લોકો પળમાત્રમાં મૃત્યુ પામ્યા હતા. તે દરેક જણ કેટલી બધી યોજનાઓ અને આશાઓ સાથે વિમાનમાં ચડ્યા હશે! પણ દરેકનું જીવન ક્ષણમાત્રમાં હતું ન હતું થઈ ગયું! પણ એમાં કોઈ પણ મુસાફરે માનવ જીવનની અનિશ્ચિતતા અંગે વિચાર સુધ્ધાં કર્યો ન હોય. માનવ જીવનની ક્ષણિકતા સમજનાર માણસ એના પોતાના તેમજ બીજાના જીવનની કદર કરી શકે છે. પોતાના જીવનને સારી રીતે સાચવી શકે છે. એટલું જ નહિ પણ માણસ ભૂતકાળનાં દુઃખો અને ભવિષ્યની ચિંતાઓ છોડી દઈને સાંપ્રત સમયની બધી મુશ્કેલીઓ વેઠી શકે છે અને હાલના જીવનનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ પણ કરી શકે છે. માનવ જીવનને ક્ષણિક સમજનાર વ્યક્તિ આપોઆપ નવી મનોવૃત્તિ ધારણ કરે છે.

નવા વર્ષે નવી મનોવૃત્તિ અપનાવવાનું ત્રીજું પગલું માનવજીવન પ્રત્યે સહસંવેદના અને હમદર્દી કેળવવા અને વિકસાવવાનું છે. સહસંવેદના અને હમદર્દી અહમને બાજુમાં ધકેલી દે છે અને બીજાઓનો વિચાર કરે છે. હમદર્દી અને સહસંવેદના સૌથી વધારે માણસો માટે સૌથી વધારે કલ્યાણકારી બાબતો ઈચ્છે છે અને એ માટે પ્રવૃત્તિશીલ બને છે. હમદર્દીવાળો માણસ કદી આપમતલબ પૂરતો બીજા માણસના ઉપયોગ ન કરે. પણ પોતાનાં બધાં નિર્ણયો અને કામકાજોમાં બીજાની, ખાસ કરીને ગરીબો અને જરૂરિયાતમંદ લોકોનાં ભલાઈ અને કલ્યાણ શોધશે. સહસંવેદનાવાળો માણસ કદી બીજાનું શોષણ ન કરે. પણ બીજાઓ સાથે હમેશાં માણસાઈથી વર્તે છે. સામેના માણસની નાતજાત, વંશ અને ધર્મનો ભેદભાવ કર્યા વિના એને એક માણસ તરીકે સ્વીકારીને એનાં પ્રતિષ્ઠા તથા ગૌરવનું આદરમાન કરે છે.

આજની ન્યાયવિહોણી ભેદભાવયુક્ત પરિસ્થિતિ પુરવાર કરે છે કે આપણામાં સહસંવેદના અને હમદર્દી નથી. આપણામાં સહસંવેદના અને હમદર્દી કેળવવા અને વિકસાવવા માટે આપણાં મૂલ્યો અને વલણોને મૂળભૂત રીતે બદલવાની જરૂર છે. પણ આપણા જીવનમાં સમગ્રપણે પરિવર્તન લાવવાને બદલે આપણે અન્યાયી અને અનૈતિક રીતે કાચિંડાની જેમ આપણી જાતને બદલીએ છીએ. અન્યાયી અને અનૈતિક પરિસ્થિતિને વશ વર્તીએ છીએ! પણ આ પરિસ્થિતિ નવા વર્ષે આપણને સ્વીકાર્ય નથી, એવો સંકલ્પ લઈએ. આપણે માનવજીવનની સંવેદના પિછાણી એના હમદર્દ બનીએ. એવું કરવા સાહસની જરૂર છે. ભગવાન પર શ્રદ્ધા રાખવાની જરૂર છે. મિન્ની લ્યૂઈસ હાસ્કિન્સનું અંગ્રેજી કાવ્ય ''ઈશ્વર જાણે છે''.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# અત્યારે 'ઇમોશનલ બ્લેક મેઇલીંગ' અને 'ઇમોશનલ ઇન્ટેલીજન્સ' આ બે શબ્દોની બોલબાલા છે

## વિચાર યાત્રા

**- જય ઓઝા**

આપણે સૌ લાગણીઓનું હરતું ફરતું સંગ્રહસ્થાન છીએ.

કરવા જેવું ન કરીએ કે પછી ન કરવા જેવું કરી બેસીએ તો એના મૂળમાં બુધ્ધિ હોતી નથી, લાગણી હોય છે.

આપણા સમાજમાં ભોગ આપવો ફરજિયાત છે. સો ટકા મસ્તીથી જિંદગી પસાર ન કરી શકાય... બાળકો માટે, માતાપિતા માટે, પત્ની માટે, આત્મીયજનો માટે ભોગ આપવો ફરજિયાત છે.

આવું બલિદાન કરવામાં આનંદ આવતો હોય તો બલિદાન આપવું જ જોઇએ... સંસારની નિયમાવલી મુજબ જિંદગી જીવતા-જીવતા ઉમંગ અને ઉલ્લાસ અનુભવાતો હોય તો બેશક તેમ કરવું જોઇએ. પરંતુ ન ગમતા કામો કરવાનું કે બિનજરૂરી ભોગ કે બલિદાન આપવાનું ટાળીએ તો સ્ટ્રેસના બનતા અટકશું.

વાસ્તવમાં 'ઇમોશનલ બ્લેક મેઇલીંગ' કરી કરીને મિત્રો, સ્નેહીઓ જયારે આપણને પીખી નાખે છે, ત્યારે એક હદથી વધારે તેને અનુસરતા આપણે ત્રસ્ત થઇ જઇએ છીએ...

આવા સમયે ઇમોશનલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવો જરૂરી છે... શું કરવું અત્યંત આવશ્યક છે? તેનો વિચાર લાગણીથી નહીં બુધ્ધિ દ્વારા કરીએ... બહારના લોકો, ત્રાહિત વ્યક્તિ આપણો ઉપયોગ કરી જાય ત્યારે આપણે આપણી જાતને પોતાના જ આપણી સૌમ્યતા અને લાગણીશીલતાનો લાભ ઉઠાવી જાય ત્યારે આપણને વધુ આઘાત પહોંચે છે...

તેમની માંગણી અને લાગણી સંતોષવા માટે એવા અનવના અટપટા ગતકડા કરીને સ્નેહની સાંકળથી વેરણ-છેરણ બનાવી મૂકે છે...

ઋજુતા, સૌમ્યતા, નમ્રતા, શાલીનતા આ બધા વિશેષણો આપણી આગળ લગાડી લગાડીને માનસિક રીતે આપણને સૌને વિશુધ્ધ કરી નાખવામાં આવે છે.

ધીરે ધીરે Taken for Granted બનતા જઇએ છીએ... ઘરમાં કોઇ માથાફરેલ કે તુંડમિજાજી બાળક કે તેવા સદસ્યની સાથે સૌ કોઇ શાંતિથી વ્યવહાર કરશે... એવી બીકે કે રખેને વળી આનું માથું વિફરશે તો ઉપાધિ આણશે...

જયારે જે બોલવામાં શાંત અને શાલીન વ્યક્તિ હોય તેવા ઋજુ પરિવારના સદસ્ય ઉપર હંમેશા એ ડફણા વધુ જ મારવામાં આવે છે... અરે! તેને તો ચાલશે... આવી માનસિકતાને કારણે ઘણીવાર આવા શાલીન વ્યક્તિનું સ્વાભિમાન હણાતું જાય છે...

અને ઋજુ વ્યક્તિ તરીકે આપણને દુઃખ એ વાતનું થાય છે કે આ બધું આપણા સ્નેહી આપણા હૃદયની નજીકના વ્યક્તિઓ દ્વારા જ કરાઇ રહ્યું છે...

અને ઋજુ વ્યક્તિ તરીકે આપણને દુઃખ એ વાતનું થાય છે કે આ બધું આપણા સ્નેહી આપણા હૃદયની નજીકના વ્યક્તિઓ દ્વારા જ કરાઇ રહ્યું છે... In House Politics શબ્દ આ બધી પરિસ્થિતિઓ માટે જ બનાવવામાં આવ્યો હશે...

આમ જોવા જઇએ તો આપણું જીવન માતા-પિતા, પત્ની-બાળકો, મિત્રો-સ્નેહીઓ આ બધાનાં કુંડાળામાં ફુટબોલની જેમ વ્યતીત થતું હોય છે...

રખેને કોઇને ઓછું ન આવે! ખોટું ન લાગે તેવી ચિંતામાં ને ચિંતામાં જયારે અટવાતા રહેવું પડે ત્યારે સમજવું કે સંબંધોમાં હૃદયની સમજણ મરી પરવારી છે.

જયારે હંમેશા આપણે એવું વિચારતા રહીએ કે આપણા એક પગલાંથી મારા સર્કલના લોકોને કેવું લાગશે? તેમની કેવી પ્રતિક્રિયા હશે? આવા પ્રશ્નો થયા કરતા હોય તો તો આપણો પગ ઉપાડેલા ને ઉપાડેલા જ રાખવો પડે!

શું આપણે આપણા વ્યક્તિઓ માટે સ્નેહીઓ માટે આટલા બધા વિચાર કરતા હોઇએ તો તેમને મનમાં આપણી લાગણીનો આપણી સંવેદનાઓનો રતિભર પણ વિચાર ન આવવો જોઇએ!

શું હંમેશા આપણે જ બધાને સમજવાનો ઠેકો લીધે રાખવાનો છે? કોઇ આપણને પણ સમજીને પગલા ભરે ને અભિપ્રેત નથી!

આ બધા દ્વંદ્વોથી બચવા માટે, પળોજણથી બચવા માટે 'ઇમોશનલ ઇન્ટેલિજન્સ'નો ઉપયોગ કરીને જાતને 'ગીલ્ટ' ફીલ કરવાના ભાવમાંથી બહાર રાખવાનો અભિગમ દાખવીએ...

દિમાગ વકીલનું અને હૃદય દાકતરનું રાખવું જોઇએ... એ બંનેમાં અપરાધ કર્યાની લાગણી ગેરહાજર છે... વકીલનો અસીલ ફી ચૂકવીને ફાંસીએ લટકે અને દાક્તરનો દરદી ફી આપી કબરમાં દટાય તો પણ એમને અપરાધ કર્યાની લાગણી થતી નથી...

આવા Shrewd (શ્રુડ) લુચ્ચા ન થઇ જઇએ તો પણ પોતાના આત્મ સમ્માનને જરા સાચવતા થઇએ તો નવા વર્ષે સ્ટ્રેસના ચક્કરમાં પડતાં અટકશું.

પન્ના નાયકનું એક કાવ્ય અત્યારે સ્મરી આવે છે...

**કોઇની બુધ્ધિના પાંજરામાં**
**લાગણીનું પંખી થઇ**
**ટહુક્યા કરવાનું મને મંજૂર નથી**

કોઇ પ્રેમને નામે ડંખ્યા કરે,
અને ઇચ્છા મુજબ ઝંખ્યા કરે જે
બોલે બોલવાનું ને નાગ જેમ
ડોલવાનું મને મંજૂર નથી

**પોતાની આંખ હોય, પોતાની પાંખ હોય**
**પોતાનું આભ હોય, પોતાનું ગીત હોય -**
**મનનો માલિક હું, મારે તે બીક શી?**
**માપસર બોલવાનું, માપસર ચાલવાનું**
**માપસર પહેરવાનું, માપસર પોઢવાનું, માપસર ઓઢવાનું**
**આવું હળવાનું, ભળવાનું, માપસર ઓગળવાનું**
**મને આવું પીગળવાનું મંજૂર નથી**

ખરૂં ને! Emational Intelligence ના સહારે આપણે આપણા જ સ્નેહી અને આત્મીયો માટે વધું સુખરૂપ ભવિષ્ય ઘડી શકીશું.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧લી જાન્યુઆરી**



- મરણપર્યંત ગાંધીજીના મંત્રી તરીકે સેવા આપનારા વકીલ મહાદેવ દેસાઇનો જન્મ ૧-૧-૧૮૯૨. બધાં કામો ચીવટથી કરવા તેનો ઉમદા દાખલો. મહાદેવભાઇની ડાયરી આગવું સ્થાન ધરાવતું પુસ્તક, 'સત્યનાં પ્રયોગો'નું અંગ્રેજી ભાષાંતર તેમણે કર્યું.
- ૭૯૮ - ઇરાનથી પારસીઓ સંજાણ બંદરે ઉતર્યા.
- ૧૮૮૬ - રામકૃષ્ણ પરમહંસ પૂર્ણ સંન્યાસી બન્યા - કલ્પતરૂ દિન.
- ૧૭૩૬ - જેમ્સ વોટ - વરાળયંત્રના શોધકનો જન્મ.
- ૧૮૮૫ - હિન્દી ભાષાના સત્વને જગાડવાનું કાર્ય કરનાર ભારતેન્દુ હરિચંદ્રનું અવસાન.



- ૧૯૫૫ - સર શાંતિસ્વરૂપ ભટ્ટનાગર - ભારતના વૈજ્ઞાનિકનું અવસાન.
- સુપ્રસિધ્ધ વિવેચક અનંતરાય રાવળની જન્મજયંતિ.

# નિઃસ્વાર્થભાવે સૌનું ભલું ઇચ્છનારા અદના સેવક શ્રી ભૂપતભાઇ ડોડિયા

## મોંઘેરા મોતી

**- નટવર આહલપરા**

વિભિષણ લંકામાં નિઃસ્પૃહી બનીને કેમ રહ્યા હશે? એવો પ્રશ્ન જયારે થાય ત્યારે અંતરમાં એક જ અવાજ આવે છે કે જેમની પાસે ભક્તિ, સૌ કોઈનું ભલું ઈચ્છવાની દૃષ્ટિ હોય તેની સાથે પરમાત્મા હંમેશા હોય જ. સૌનું ભલું કરનારા આવા સેવકો ઉન્નત મસ્તકે સેવા કાર્ય કરતા હોય છે. આ પ્રકારનું સાદું, સરળ છતાં સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા શ્રી ભૂપતભાઇ મગનભાઇ ડોડિયાને તેમના પરિચય અર્થે મળવાનું બન્યું.

તા. ૨૨-૮-૧૯૫૨ના રોજ જામનગર જિલ્લાના કાલાવાડ (શિતલા) ગામે જન્મેલા ભૂપતભાઈને પિતા મગનભાઈ, માતા ધીરજબહેન પાસેથી તેઓને અનેક ગુણો અને સંસ્કાર પ્રાપ્ત થયા છે. મૂળ વતન કાલાવાડના વતની એવા શ્રી ભૂપતભાઇ કાલાવડની તાલુકા સાળામાં પાંચ ધોરણ સુધી ભલે ભણ્યા છે. પણ જીવનના તડકા-છાયામાં તેઓ ઘણાં ઘડાયાં છે.

તેમના પિતા મગનભાઈને સોના-ચાંદીનો ધંધો હતો. મગનભાઈને ત્યાં ગરીબ-ગુરબા, સાધુ-સંતો એમ સો માણસોનું રસોડું ચાલતું હતું. પોતાના માટે નહીં, બીજાના માટે કંઈક ભલું થાય તેવું કરવું તેવી નેમ હતી. ભૂપતભાઈના પિતા એટલે કે, મગનલાલ ડોસાની હુંડી ચાલતી હતી. પિતાની સેવાવૃત્તિ, સરળતા અને સાદગી ભૂપતભાઈમાં વારસારૂપે ઉતરી છે.

ભૂપતભાઈ ચાર વર્ષના હતા ત્યાં જ તેમનાં પિતાનું મૃત્યુ થયું હતું. નાનપણમાં ભૂપતભાઈએ બહુ માર ખાધો હતો. તેઓ સ્વ બળે અમદાવાદ ગયાં હતા. અને પછી બહેનની સાર સંભાળની જવાબદારી આવી પડતા કાલાવાડનું (શિતલા) મકાન વેંચીને રાજકોટ સ્થિર થવા માટે આવેલા.

૧૯૭૫માં પોરબંદર ખાતે મંજુલાબહેન સાથે શ્રી ભૂપતભાઇ લગ્નગ્રંથિથી જોડાયા હતા. મંજુલાબેન એસ.એસ.સી. સુધી ભણ્યા છે. આ ડોડિયા દંપતિને સંતાનોમાં બે પુત્રો રોહિત અને હીરેન છે. બે પુત્રીઓમાં ભારતી અને જયોતિબહેન છે.

કૉમ્પ્યુટર યુગને આવકારતા શ્રી ભૂપતભાઈ કહે છે કે, ''કૉમ્પ્યુટર યુગ ઘણો જ સારો છે.'' તેઓ દેશી નામું ઉપરાંત અંગ્રેજીનામું જાણે છે લુહાર હિતેચ્છુ મંડળનો વાર્ષિક અહેવાલ તેમના હસ્તે જ તૈયાર થાય છે. શ્રી ભૂપતભાઈને વાંચનનો ખૂબ જ શોખ છે. નવલકથાઓ વસાવે છે, પુસ્તકો ખરીદે છે. હરકિશન મહેતાની નવલકથાઓ ઘણી વાંચી છે. તેમને



ચલચિત્રો જોવા ગમે છે. ટી.વી. સિરિયલ જોવી ગમતી નથી. બાધા, આખડી, માનતા કે આસ્થામાં શ્રધ્ધા ન ધરાવતા એવા કર્મનિષ્ઠ ભૂપતભાઇ વિજ્ઞાન યુગને સન્માન આપે છે અને ઉપવાસ, વ્રત કે એકટાણાં કરતાં નથી. નિયમિત રીતે ઘેરથી નિકળી દેવમંદિરે દર્શને જાય છે.

જયારે પર્યટનો, તીર્થાટનો વિષે મેં જાણ્યું કે, તેઓએ લગભગ ભારતભરમાં પ્રવાસો કર્યા છે, પરદેશ જવા માટે તેમની પાસે પાસપોર્ટ છે. પણ પરદેશ જવાનો યોગ આવ્યો નથી.

તેઓ કયારેય સંઘર્ષ, મુશ્કેલી અને દુઃખથી પાછા પડ્યા નથી. તેઓને રાજકોટમાં તેમના ખાસ મિત્ર લક્ષ્મણભાઈ પટેલે તેમનો ડેલો ધંધાના વિકાસ અર્થે મિત્રભાવથી આપેલો. તે ઘટનાને યાદ કરતાં તેઓ ગદ્‌ગદિત થઈ ગયા હતા અને બોલ્યા હતા કે, 'મારૂં નામ-સરનામું નહોતું. પણ આજે મને ભગવાને ઘણું આપ્યું છે. તેનો મને સંતોષ છે.'

હું આભારી છું મિત્ર લક્ષ્મણભાઈનો. કારણ આજે તેમના સહકારથી જ અમારૂં સત્યનારાયણ ફેબ્રિકેશન કાર્યરત છે.

લક્ષ્મણભાઈની સાથે ભૂપતભાઈ સ્મરણ કરે છે તેમના બીજા મિત્ર શ્રી મહેન્દ્રભાઈ મકવાણાનું. તેઓએ મહેન્દ્રભાઈ પાસેથી રૂા. ૪૦૦ (રૂપિયા ચારસો) લઈ કારખાનાનો પ્રારંભ કર્યો હતો. તે કારખાનાનો અને આજે તેના ઉદ્યોગોનો ખૂબ વિકાસ થયો છે.

ભૂપતભાઈ પોતાના ધંધામાંથી અને પરિવારમાંથી સમય કાઢી. પોતાના સમાજના ઉત્કર્ષ માટે પણ સમય આપે છે અને ત્રીસ વર્ષથી લુહાર હિતેચ્છુ મંડળમાં સેવા આપી રહ્યાં છે. એક સમય એવો હતો કે, તેમનાં જ્ઞાતિબંધુઓને કોઇ ચોક્કસ જગ્યાએ બેસવાની જગ્યા નહોતી. પણ ભૂપતભાઈની અને જ્ઞાતિજનોની શુધ્ધ ભાવનાથી તનતોડ મહેનત કરીને રાજકોટમાં કેવડાધારી અને સિયાણીનગરમાં જ્ઞાતિની વાડી બની છે તે સમાજ માટે આશીર્વાદરૂપ બની છે. આજે જે કાર્યરત છે. તેઓ વાડીના પ્રેરક ઘનશ્યામજી ગુરૂજીને (સહજ ધ્યાનયોગ) ગણે છે.

કુળદેવી ચામુંડા માતાજીના મંદિર નિર્માણ કાર્યમાં તેમને જ્ઞાતિના વરિષ્ઠ સેવક અને આગેવાન જેન્તીભાઈ પરમારનો સહકાર ઘણો મળ્યો હતો. ભૂપતભાઈ સમાજમાં કુરિવાજ, અંધશ્રધ્ધા દૂર કરવા સતત પ્રયત્નશીલ છે. તેવી જ રીતે તેઓ ધર્મ-સંસ્કૃતિના રક્ષણ માટે પણ ખડે પગે હોય છે. રાજકોટમાં જગદ્‌ગુરૂ શંકરાચાર્ય પધારવાના હોય કે ગુરૂજી મામાજી (કુવાડવા) નું સેવાકાર્ય હોય, તો પણ તેઓ હોંશે હોંશે ભક્તિભાવથી કાર્ય ઉપાડી લે છે. તેઓ દૃઢપણે માને છે કે, 'અમારી પેઢી ભણી શકે નહીં, પણ હવે પછીનો સમય શિક્ષણ વિના ડગલું ન ભરી શકાય તેવો છે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)